# ધનતેરસે 'બરડા સફારી' ફેઝ-૧નો આરંભ થશે, એશિયાઈ સિંહોનું બીજુ રહેઠાણ બનશે

**બરડા પ્રદેશના ઊંચા નીચા ડુંગર- ટેકરીઓથી સુસજ્જિત આશરે ૧૯૨ ચોરસ કિ. મી વિસ્તાર અભયારણ્ય માટે આરક્ષિત**

ગાંધીનગર : ગુજરાતમાં પ્રવાસીઓ માટે એક નવીન નજરાણું ઉમેરવા જઈ રહ્યું છે.આગામી ધનતેરસના દિવસે તા.ર૯ ઓક્ટોબરના રોજ મંગળવારે દેવભૂમિ દ્વારકાના કપુરડી ચેક પોસ્ટ ખાતે એશિયાઈ સિંહોનું બીજું નવું રહેઠાણ એટલે કે 'બરડા વન્યજીવ અભયારણ્ય' અને બરડા જંગલ સફારી' ફેઝ-૧નો આરંભ કરવામાં આવશે. ગુજરાત વાઈલ્ડલાઈફના અગ્ર મુખ્ય વન્ય પ્રાણી સંરક્ષક એન. શ્રીવાસ્તવે વિગતો આપતાં કહ્યું હતું કે, એશિયાઈ સિંહો વિશ્વમાં ખૂબ પ્રખ્યાત અને માત્ર ગુજરાતના જૂનાગઢ ફોરેસ્ટ રેન્જમાં જોવા મળતા હોય છે. હવે બરડાની ટેકરીઓમાં પણ નાગરિકો- પ્રવાસીઓને ગુજરાતનું ગૌરવ સમાન 'એશિયાઈ સિંહ' નિહાળવા મળશે. હાલ ગુજરાતમાં અંદાજે ૬૭૪ એશિયાઈ સિંહો જોવા મળે છે અને હવે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બરડા વન્યજીવ અભયારણ્ય પણ સુરક્ષિત અને કુદરતી વસાહત તરીકે સ્થાપિત થશે.

## બરડા વન્યજીવ અભયારણ્યની વિશેષતાઓ

આ બરડા અભયારણ્યમાં વિવિધ પ્રકારની વનસ્પતિઓ, વન્યજીવ તેમજ રંગબેરંગી સ્થાનિક અને યાયાવર પક્ષીઓને વિચરણ માટે જૂનું અને જાણીતું સ્થળ છે અને એની નોંધ સમગ્ર વિશ્વ એ લીધી છે. બરડા વન્યજીવ અભયારણ્યનું વૈવિધ્યસભર નિવસન તંત્ર ૩૬૮ વનસ્પતિ પ્રજાતિઓને આશ્રય આપે છે, જેમાં ૫૯ વૃક્ષો, ૮૩ છોડ, ૨૦૦ ક્ષુપ અને ૨૬ વેલાઓની પ્રજાતિઓનો સમાવેશ થાય છે. જ્યારે વનસ્પતિઓમાં ૩૬૮ પ્રજાતિઓમાં, ક્ષુપનું પ્રમાણ સૌથી વધુ ૫૪ ટકા છે. ત્યારબાદ ૨૩ ટકા છોડ, વૃક્ષો ૧૬ ટકા અને વેલાઓ ૦૭ ટકાનો સમાવેશ થાય છે. વનસ્પતિઓમાં રાયણ બરડાની સૌથી મહત્વપૂર્ણ પ્રજાતિઓમાંની એક છે.

## બરડા અભયારણ્યમાં જોવા મળતા પશુ- પક્ષીઓ

દીપડા,જંગલી બિલાડી, ઝરખ, નોળિયો, વીંજ/નાનું વણીયર, શિયાળ, લોંકડી અને સસલા સામેલ છે. આ ઉપરાંત અભયારણ્ય હરણ, સાબર, ચિત્તલ,નીલગાય અને જંગલી ભૂંડ જેવા પ્રાણીઓનું પણ વસવાટ કરે છે.આ અભયારણ્યમાં પક્ષીઓની ૨૬૯ પ્રજાતિઓનો સમાવેશ થાય છે, જે સૌ નાગરિકો માટે ગૌરવ સમાન છે. જેમાં મોર, તેતર, દૂધરાજ, પીળીચાંચ ઢોંક, બુલબુલ, ચાશ, દેશી નીલકંઠ, શ્વેત કંઠ કલકલિયો જેવા પક્ષીઓનો વિચરણ કરતા જોવા મળે છે.

## બરડા અભયારણ્યની ભૌગોલિક પરિસ્થિતિ

બરડા પ્રદેશના ઊંચા નીચા ડુંગર અને ટેકરીઓથી સુસજ્જિત ભૌગોલિક રચના આશરે ૨૧૫ ચોરસ કિમીનો વિસ્તાર ધરાવે છે. જે પૈકી ૧૯૨.૩૧ ચોરસ કિ.મી. વિસ્તારને વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ હેઠળ સત્તાવાર રીતે વન્યજીવ અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યો છે. બરડા વન્યજીવ અભયારણ્ય પોરબંદર અને દેવભૂમિ દ્વારકા એમ બે જિલ્લાઓમાં ફેલાયેલો છે.

## અભયારણ્ય જવા માટેના મુખ્ય માર્ગ

રાજકોટથી ૧૭૦ કિ.મી
અમદાવાદથી ૪૩૦ કિ.મી.
પોરબંદરથી ૪૦ કિ.મી.

## અભ્યારણની મુલાકાતનો સમય

સવારે ૬થી સાંજે ૪ સુધી શિયાળામાં તા. ૧૬ ઓક્ટોબરથી ફેબ્રુઆરી સુધી ઉનાળામાં તા. ૦૧ માર્ચ થી ૧૫ જૂન સુધી

## બરડા જંગલ સફારી ફેઝ-૧ની રોમાંચક સફર

બરડા જંગલ સફારીમાં ભાણવડ -રાણાવાવ તેમજ બરડા વન્યપ્રાણી અભયારણ્યના સૌથી મનોહર વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સફારી દ્વારા પ્રવાસીઓ બરડા વન્યજીવ અભયારણ્યની સમૃદ્ધ જૈવવિવિધતાનો રોમાંચક અનુભવ કરશે. આ સફારી ટ્રેઇલ જાજરમાન કીલગંગા નદીના સાનિધ્યમાંથી પસાર થઈ બરડા વન્યજીવ અભયારણ્યની સમૃદ્ધ વનસ્પતિસૃષ્ટિ તેમજ વિશિષ્ટ પ્રાણીસૃષ્ટિત નિહાળવાની અનોખી તક આપે છે. સફારી પરમિટ મેળવવા માટે પ્રવાસીઓએ ટિકિટ બારી પર અગાઉથી બુકિંગ કરાવવું ફરજીયાત છે. આગામી સમયમાં આ પરમિટ માટે ઓનલાઇન બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ થશે, જેથી પ્રવાસીઓ વધુ સરળતાથી અને આગોતરું આયોજન કરી શકશે.

# આવકવેરા રિટર્ન ભરવાની મુદતને 15 નવેમ્બર 2024 સુધી લંબાવવામાં આવી

સુરતઃ સીબીડીટી આવકવેરા અધિનિયમ, 1961 (અધિનિયમ) હેઠળ આકારણી વર્ષ 2024-25 માટે આવકનું રિટર્ન ભરવા માટેની નિયત તારીખ લંબાવીને 15મી નવેમ્બર, 2024 કરી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (CBDT)એ આકારણી વર્ષ 2024-25 માટે કાયદાની કલમ 139ની પેટા-કલમ (1) હેઠળ આવકવેરા રિટર્ન પ્રસ્તુત કરવાની નિશ્ચિત તારીખને વધારીને 15 નવેમ્બર 2024 કરી દીધી છે, જે અધિનિયમની ધારા 139ની પેટા કલમ (1) ના સ્પષ્ટીકરણ 2ની કલમ (a) માં ઉલ્લેખિત કરદાતાઓના મામલે 31 ઓક્ટોબર 2024 છે. CBDT પરિપત્ર નં.13/2024,F. No.225/205/2024/ITA-II તારીખ 26.10.2024ના રોજ જારી કરવામાં આવ્યો છે. આ નિર્ણયને લીધે આવકવેરા પોર્ટલના સેવા ડાઉન થવા અને અન્ય ટેકનિકલ સમસ્યાઓને લીધે રિટર્ન ભરવાથી વંચિત રહેલા સુરત સહિત ગુજરાતના લાખો કરદાતાઓ, વેપારીઓને રિટર્ન ભરવામાં રાહત મળશે.

# સુમુલ ડેરી રોડના યુવકને બ્લેકના વ્હાઈટ કરવા જતા 35 લાખ ગુમાવવાનો વારો આવ્યો

**આંગડિયા પેઢીના સંચાલક સહિત ઠગો તાળુ મારીને ફરાર સર્વર ડાઉન હોવાનું કહી અલકાપુરી બ્રિજ પાસેથી રોકડા રૂપિયા લઇ ગયા હતા**

સુરતઃ સુમુલ ડેરી રોડની ગુણાતીત સોસાયટીમાં રહેતા યુવકના બનેવીએ મહીધરપુરા વિસ્તારમા એક મકાન ખરીદ્યું હતું. જે મકાનના વ્હાઇટના 65 લાખ રૂપિયા ચૂકવવાના હતા. યુવકને 35 લાખની વ્હાઇટ ની એન્ટ્રી આપવાનુ કહી ઠગે આંગડીયું કરવા કહ્યું હતું. યુવક પાસે એસ.કે. આંગડિયાપેઢીના સંચાલકો સહિત 3 લોકો 35લાખ પડાવી આંગડિયા પેઢી બંધ કરી ફરાર થઈ ગયા હતા. યુવકે મહીધરપુરા પોલીસમાં એસ.કે. આંગડિયા પેઢીના સંચાલક સહિત 3 લોકો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મહીધરપુરા પોલીસ પાસે મળતી માહિતી મુજબ સુમુલ ડેરી રોડની ગુણાતીત સોસાયટીમાં રહેતા 32 વર્ષીય જીગ્નેશ યશવંત ભાઈ કળસરિયાએ મહીધરપુરા પોલીસ સ્ટેશનમાં બાબુભાઈ કવરલાલ શાહ (રહે આશિષ બંગ્લોઝ ચલથાણ), નવીનભાઈ જૈન (રહે.ભોપાલ) અને એસ કે એન્ટરપ્રાઈઝના વહીવટ કરતા દિનેશભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ જીગ્નેશભાઈ લાલ દરવાજા ખાતે ફોજી આમલેટ નામની દુકાન ચલાવે છે. જીગ્નેશ ભાઈ ના બનેવી મેહુલ કુમારે મહિધરપુરાના ખાન સાહેબના ડેલામાં એક મકાનનો 34 લાખમાં સોદો કર્યો હતો. જે મકાનની જંત્રી 65 લાખ રૂપિયા ભરવાની હોય જેથી વ્હાઈટ નાં પૈસાની જરૂર પડી હતી. જેથી તેમના બનેવી હસ્તક

ચલથાણના બાબુલાલ શાહ સાથે સંપર્ક કર્યો હતો. બાબુલાલે 35 લાખના વ્હાઈટ નાં પૈસા ની જરૂર હોવાની વાત કરતા તેમણે તેમના મિત્ર નવીન જૈન સાથે ફોન પર વાત કરવી હતી. નવીન જૈન વ્હાઈટ નાં 35 લાખ કરી આપવાની હા પાડી રોકડા રૂપિયા એસ. કે એન્ટરપ્રાઈઝ નામની આંગડિયા મારફતે મોકલવા જણાવ્યું હતું. તેમણે આંગડિયા પેઢીનો સંપર્ક કરતાં સર્વર ડાઉન હોવાથી હાલમાં કામ થશે નહીં તેમ કહ્યું હતું. ત્યાર બાદ અન્ય પાર્ટી નું એક કરોડનું આરટીજી એસ કરવાનું હોવાથી તેમનું પેમેન્ટ તેમના ઘરેથી લઈ જશે તેમ કહ્યું હતું. જે બાદ દિનેશભાઈ ફોન આવ્યો હતો કે તેમને કામ હોવાથી તેમનાં માણસો પેમેન્ટ લેવા આવ્યા છે જે અલકાપૂરી બ્રિજ નીચે આવ્યા છે.જેથી મેહુલ કુમાર અને જયેશભાઈ અને પરિવારના સભ્યો હાજરીમાં અજાણ્યા બે માણસોને 35 લાખ રોકડા આપી દીધા હતા. ત્યારબાદ તેઓ આંગડિયા પેઢીનું શટર પાડીને ફરાર થઇ જતાં મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે.

# ઠંડીના નખરાં, લઘુત્તમ તાપમાન વધીને 23.9 ડિગ્રી થતાં માત્ર હળવી ઠંડક વર્તાઈ

સુરતઃ શહેરમાં બે દિવસથી વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. સવારે ઠંડક અને બપોરે ગરમી સાથે બેવડી ઋતુ અનુભવાઈ રહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ચોમાસાની સંપૂર્ણ વિદાય પછી હવે ધીમે ધીમે શિયાળાનું આગમન થશે. શિયાળાના આગમન પૂર્વે ઉલ્લેખનીય છે કે શરૂઆતમાં બેવડી ઋતુ અનુભવાય છે. છેલ્લા બે દિવસથી શહેરમાં શિયાળો બિલ્લી પગે પ્રવેશી રહ્યો હોય તેવું લાગે છે. વહેલી સવારે ગ્રામ્ય વિસ્તારોમાં તો ઠંડી આવી ગઈ છે, શહેરમાં પણ પરોઢે ઠંડી સ્પર્શી રહી છે, જો કે બપોર પડતા ફરી ગરમીનો અનુભવ થાય છે. શહેરમાં આજે મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 35.6 ડિગ્રી, જ્યારે લઘુત્તમ તાપમાન એક ડિગ્રી વધીને 23.9 ડિગ્રી નોંધાયું છે. હવામાં 55 ટકા ભેજની સાથે 4 કિમીની ઝડપે ઉત્તર-પૂર્વના પવન ફુંકાયા હતા.

# વાપીમાં ટ્રેનમાંથી પડેલા સુરતના શખ્સને આરપીએફે બચાવ્યો

વાપીઃ વાપી રેલવે સ્ટેશન ઉપર રવિવારે રાત્રે પ્લેટફોર્મ નં.૧ ઉપર બાંદ્રા-કાનપુર એક્સપ્રેસ ટ્રેનમાં ચઢતા પડી ગયેલા સુરત ડીંડોલીના શખ્સને આરપીએફના જવાનોએ બચાવી લઈ સામી દિવાળીએ કોઈના ઘરના ચિરાગને બુઝતો રોકવાનું ઉમદા કામ કર્યુ છે.

વાપી રેલવે સ્ટેશન ઉપર પ્લેટ ફોર્મનં.૧ ઉપર રવિવારે રાત્રે બાંદ્રા-કાનપુર એક્સપ્રેસ ટ્રેન શરૂ થઈ ગઈ હતી ત્યાર બાદ તેમાં ચઢવા કેટલાક યાત્રી દોડી રહ્યા હતા જેમાં સુરત નવાગામ ડીંડોલીના ૪૦ વર્ષના મનોરંજન ઉદયનાથ મહારાણા ટ્રેનમાં ચઢતા પડી ગયો હતો. ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે મનોરંજન પડ્યો ત્યારે ત્યાં ઊભા એક યાત્રી તેમજ આરપીએફના જવાનો ગિરધારી લાલ જાટ તેમજ રમિત નગાવત દ્વારા ક્ષણનો પણ વિલંબ કર્યા વગર યાત્રીને પ્લેટ ફોર્મ તરફ ખેંચી લઈને તેનો જીવ બચાવ્યો છે. આ આખી ઘટના રેલવેના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. જે જોયા બાદ આરપીએફની કામગીરીને બિરદાવવામાં આવી રહી છે.

# 'નવરસ કથા કોલાજ' : સાતત્યનો અભાવ



**મૂવી રિવ્યુ**
**અમર સોલંકી દ્વારા**
ફિલ્મ: 'નવરસ કથા કોલાજ'
રેટીંગ: ★☆☆☆☆
એક લાઈનનો પ્રતિભાવ: **આ નવ વાર્તાઓ જીવનના નવ રસનું પ્રતિનિધિત્વ કરે છે**




સ્વર્દ્ધુપદ પ્રોડક્શન્સની 'નવરસ કથા કોલાજ' (એ) એ જુદી-જુદી નવ વાર્તાઓનો એક સંગ્રહ છે, જેનું શીર્ષક છે 'બાબામાઈ', 'ક્યૂ?', 'નોટ ફિટ ધ બિલ', 'ખિલોના', 'મૈં ભગતસિંહ બનના ચાહતા હું', 'સમય ચક્ર' 'સુહાગરાતમાં શું થયું', 'હેપ્પી મેરેજ એનિવર્સરી' અને 'સંતાન'નો સમાવેશ થાય છે. આ વાર્તાઓ જીવનના નવ રસનું પ્રતિનિધિત્વ કરે છે.

**માઇનસ પોઇન્ટ**

પ્રવીણ હિંગોનિયાએ નવ જુદી-જુદી વાર્તાઓ લખી છે, જે સંપૂર્ણપણે રેન્ડમ દેખાય છે. કેટલીક વાર્તાઓ દર્શકોનું ધ્યાન થોડી હદ સુધી જકડી રાખે છે, પરંતુ અન્ય એટલી કંટાળાજનક અને અનુમાનિત છે કે તે પ્રેક્ષકોને આકર્ષિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ જાય છે. હિંગોનિયાની પટકથા આંચકાઓથી ભરેલી છે અને સાતત્યનો અભાવ દરેક જગ્યાએ દેખાય છે. નવ નાટકોના અંતે દર્શકોને આશ્ચર્ય થાય છે કે પ્રવીણ હિંગોનિયાએ નવ વાર્તાઓ શા માટે લખી હશે. તેના સંવાદો ઠીકઠાક છે.

# સરથાણાના વિવર્સ સાથે 23.76 લાખની ઠગાઈ, કાપડ દલાલ સહિત 3 સામે ફરિયાદ

**પેમેન્ટ નહીં આપી બે પેઢીના સંચાલકો દુકાન બંધ કરી પલાયન**

સુરતઃ સરથાણામાં રહેતા વિવર્સ પીપોદરા ખાતે વોટર જેટ મશીન દ્વારા કાપડનું ઉત્પાદન કરે છે. વિવર્સને વર્ષ 2022 માં દલાલ હસ્તે વેપાર શરૂ કર્યો હતો. દલાલ હસ્તે સારોલીની બે કાપડ પેઢીએ વેપાર કરતાં તેમને શરૂઆતમાં પેમેન્ટ આપી વિવર્સનો વિશ્વાસ કેળવ્યો હતો. જે બાદ બન્ને કાપડ પેઢીના સંચાલકોએ વિવર્સ પાસે 23.76 લાખનો કાપડનો માલ ખરીદી બાદમાં દુકાન બંધ કરી પેમેન્ટ માટે હાથ ખંખેરી લીધા હતા. સરથાણાની મીરા એવન્યુમાં રહેતા મૂળ અમરેલીના 48 વર્ષીય દિલીપભાઈ બાબુભાઈ કાથરોટીયા પીપોદરા ખાતે ભાગીદારી પેઢીમાં વોટર જેટ મશીન દ્વારા કાપડ ઉત્પાદનનું કામ કરે છે. દિલીપભાઈને ડિસેમ્બર 2022માં કાપડ દલાલ ઓમ પ્રકાશ મુંડા (રહે., સનરાઈઝ ટાઉનશીપ પર્વત પાટીયા) એ સુરતની પ્રતિષ્ઠિત કાપડ ખરીદનાર વેપારીઓ હોવાની વાત કરી વિશ્વાસમાં લીધા હતા. કાપડ દલાલે વર્ષ 2023નાં જાન્યુઆરી મહિનામાં શ્રી કુબેરજી માર્કેટની એસ.એસ. ટેક્સટાઈલનાં સંચાલક મહેશ શર્મા અને શ્રી કુબેરજી ડેક માર્કેટના શ્રી રામ એન્ટરપ્રાઈઝનાં સંચાલક જયેશભાઈ કાંતિલાલ પટેલ સાથે મુલાકાત કરાવી હતી. દલાલે પેમેન્ટની જવાબદારી લઈ તેમની સાથે વેપાર શરૂ કરાવ્યો હતો. બન્ને પેઢીના સંચાલકોએ શરૂઆતમાં સમયસર પેમેન્ટ આપી વીવર્સે દિલીપભાઈને ઝાંસામા લીધો હતો. ત્યારબાદ એસ.એસ. ટેક્સટાઈલના સંચાલકે 23- ફેબ્રુઆરી, 2023થી 25 માર્ચ, 2023 સુધીમાં 16.21 લાખનું કાપડ ખરીદ્યું હતું. જ્યારે શ્રી રામ એન્ટરપ્રાઈઝના સંચાલકે ફેબ્રુઆરી મહિનામાં 7.54 લાખનું કાપડ ખરીદ્યું હતું. બન્ને પેઢીના સંચાલકો સમય પુરો થવા છતાં પેમેન્ટ નહીં આપતા વેપારીએ ઉઘરાણી શરૂ કરી હતી. બન્ને પેઢીના સંચાલકો વેપારી દિલીપનું બાકી પેમેન્ટ નહીં કરી ફરાર થઈ ગયા હતા. સારોલી પોલીસે દલાલ ઓમ પ્રકાશ સહિત મહેશ અને જયેશ પટેલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ડુમસરોડની લા મેરિડિયન...

તપાસ ચાલી રહી છે. હોટલને ખાલી કરાવવામાં આવી છે અને પોલીસ તમામ સંભાવનાઓની તપાસ કરી રહી છે. સુરતની હોટલને મળેલી ધમકી અને થોડા સમય પહેલાં રાજકોટમાં મળેલી સમાન પ્રકારની ધમકીઓ વચ્ચે સંબંધ હોવા સંદર્ભે પણ તપાસ ચાલી રહી છે. સાયબર સેલ ધમકી આપનાર ઈમેઈલનું સ્ત્રોત શોધવા માટે કાર્યરત છે. આ ઘટના સુરક્ષા માટે ચિંતાનો વિષય બની છે અને પોલીસ તંત્રએ ઘટનાના મૂળ સુધી પહોંચવા માટે તમામ દિશામાં તપાસ શરૂ કરી છે.

### ગોવા-વડોદરા...

ફ્લાઇટને નિયમ મુજબ તપાસ માટે નજીકના સુરત એરપોર્ટ લેન્ડિંગ કરવા આદેશ આપવામાં આવ્યો હતો.ગોવાથી બપોરે 13.04 કલાકે ટેક ઓફ થયેલી ઇન્ડિગોની ફ્લાઇટ 6E 104 ને એટીસી દ્વારા સુરત ડાયવર્ટ થવા આદેશ આપવામાં આવ્યો હતો.ગોવા - વડોદરા ફ્લાઇટ સુરત એરપોર્ટ લેન્ડિંગ થયા પછી રનવે, એરક્રાફ્ટ અને પેસેન્જર લગેજની તપાસ કરવામાં આવી હતી. સેફ લેન્ડિંગ થતાં ફ્લાઇટને આઇસોલેશન બેયસમાં લઇ જઇ પાર્ક કરવામાં આવી હતી.પેસેન્જરોને ટર્મિનલ બિલ્ડિંગમાં બેસાડી એર ક્રાફ્ટ અને પેસેન્જર સાથે લગેજની તપાસ કરવામાં આવી હતી રાતે 9 વાગ્યા સુધી આ તપાસ ચાલી હતી. ગોવા - વડોદરા ફ્લાઇટ સુરત એરપોર્ટ લેન્ડિંગ માટે આવતા એ જ સમયે દિલ્હીથી સુરત આવેલી ઇન્ડિગોની ફ્લાઇટ સંખ્યા નંબર 2236 ને આકાશમાં 10 મિનિટ ચકરાવો લેવો પડ્યો હતો.

### માદરે વતન જવા...

દિવાળીના વેકેશન દરમિયાન રેલવેએ પહેલેથી ટ્રેનો દોડાવવાની જાહેરાત તો કરી હતી, પરંતુ તે પુરતી ન હતી. આજે સવારે ઉધનાથી ઉત્તર પ્રદેશ-બિહારથી ઉપડતી ટ્રેન માટે શનિવાર રાત્રે 10 વાગ્યાથી પ્રવાસીઓ ઉધના અને સુરત રેલવે સ્ટેશન પર પહોંચી ગયા હતા. ઉધના રેલવે સ્ટેશન પર બે ટ્રેન માટે 12 હજારથી વધુ પ્રવાસીઓ સ્ટેશન પર ભેગા થઈ ગયા હતા. તેમને કાબુમાં કરતા જીઆરપી અને આરપીએફના નાકે દમ આવી ગયો હતો. નાછૂટકે પોલીસે હળવો બળ પ્રયોગ કરવો પડ્યો હતો. સુરત અને ઉધનામાં ભીડ વધી જતા પોલીસ કર્મચારીઓ ઓછા પડી ગયા હતાં, જેથી રેલવેના કર્મચારીઓ પણ ક્રાઉડ મેનેજમેન્ટમાં લાગી ગયા હતા.

### સુરત મનપામાં હજુ...

કમિશનરો પાસેથી વિભાગ લઈ લીધો હતો, બીજા ડેપ્યુટી કમિશનરના વિભાગોમાં વિવાદો વધતા અન્યને સોંપી દેવાયા હતા. એક ડેપ્યુટી કમિશનરના વિભાગમાં એક મોટા પ્રોજેક્ટ બાબતે કંઈ આંતરિક વિવાદ થતા વિભાગ એડિશનલ સિટી ઈજનેરને સોંપી દેવાયો હતો. જ્યારે એક ડેપ્યુટી કમિશનરને શો-કોઝ નોટિસ આપી હતી, જ્યારે છેલ્લે ટર્શરી ટ્રીટમેન્ટ પ્રોજેકટમાં પ્રોસીજર લેપ્સ મામલે ઈન્ચાર્જ એડિશનલ સિટી ઈજનેર પાસેથી હવાલાઓ લઇ લીધા છે. ત્યારે હજુ પણ કલમ 45 હેઠળના બે અધિકારીઓ પર સંકટના વાદળો ઘેરાયેલા છે, અને જો સમયસર ડેમેજ કંટ્રોલ નહી કરી શકે તો, ટુંક સમયમાં નવાજુની થાય તેવા એંધાણ વર્તાઈ રહ્યાં છે.

### પાંડેસરામાં હનુમાન ચાલીસા...

આ બાબતે કંઈ જાણ નહીં હોવાનું કહ્યું હતું. જેથી માતા અને સાથનિકો દ્વારા બાળકીની શોધ શરૂ કરી હતી. બાળકી નહીં મળતાં સ્થાનિકોએ પાંડેસરા પોલીસને જે મામલે જાણ કરી હતી. જેથી પાંડેસરા પોલીસ નો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પાંડેસરા પીઆઈ ઘટનાની ગંભીરતા લઈ કંટ્રોલને જાણ કરતા ડીસીપી એસીપી સહિતનો. પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. બાદમાં પોલીસે બાળકી સીસીટીવીના આધારે શોધ ખોળ શરૂ કરી હતી. જે દરમિયાન રાત્રિનાં 11 વાગ્યાનાં અરસામાં હવસખોરે પોતાનું પાપ છુપાવવા બાળકીનાં પરિવાર સુધી પહોંચાડવાનું તરકટ કરી બાઈક પર જતી વેળા પોલીસે તેને ઝડપી પાડયો હતો. જો કે તેનાં દ્વારા ખોટી વિગત જણાવી પોતાને નિર્દોષ સાબીત કરવા પોલીસને ગુમરાહ કરવાનો પ્રયાસ પણ કર્યો હતો. પરંતુ, બાળાને સમજાવટથી પુછતાં સમગ્ર હકીકત સામે આવી હતી. બનાવ મામલે પાંડેસરા પોલીસ દ્વારા બાળકીની માતાની ફરિયાદ લઈ હવસખોર વિરુદ્ધ બળાત્કાર તથા પોકસો અંતર્ગત ગુનો નોંધી પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એમ ગઢવી દ્વારા આજરોજ આરોપી પાંચ સંતાનનો પિતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતો પ્રમોદકુમાર દુધનાથ ગૌડ (ઉ.વ. ૪૮, રહે.ગીતાનગર ૨, તેરેનામ રોડ, પાંડેસરા,. મૂળરહે., ઉત્તર પ્રદેશ) ની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### મોદી આજે...

ફેસિલિટી ભારતીય વાયુસેના (IAF) માટે સ્વદેશી ઈલેક્ટ્રોનિક વૉરફેર સ્યુટ્સથી સજ્જ 40 C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનું ઉત્પાદન કરશે અને તેમને એસેમ્બલ કરશે. આમાંનું પ્રથમ મેડ-ઈન ઈન્ડિયા એરક્રાફ્ટ સપ્ટેમ્બર 2026 સુધીમાં બનીને તૈયાર થઈ જશે તેવો અંદાજ છે, જ્યારે ફાઈનલ એરક્રાફ્ટની ડિલિવરી ઓગસ્ટ 2031 સુધીમાં થવાનો અંદાજ છે. વડોદરામાં જે C-295 એરક્રાફ્ટનું ઉત્પાદન કરવામાં આવશે, તે 5-10 ટનની ક્ષમતા ધરાવતું બહુમુખી મિલિટરી ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ (સૈન્ય પરિવહન વિમાન) છે, જે 71 ટ્રુપ્સ અથવા 49-50 પેરાટ્રૂપર્સને લઈ જવા માટે સક્ષમ છે. આ એરક્રાફ્ટની વ્યૂહાત્મક ડિઝાઈન અને રિયર રેમ્પ દરવાજાના કારણે ટુકડી અને કાર્ગો ઝડપથી તહેનાત થઈ શકે છે, જે તેને ભારતીય વાયુસેના માટે ખૂબ મહત્વૂર્ણ બનાવે છે.

પીએમ મોદી 705 કરોડના પાણી પુરવઠા વિભાગના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. તેઓ અમરેલી જિલ્લાની ગાગડિયો નદી પર 35 કરોડના ખર્ચે નિર્મિત ભારતમાતા સરોવરનું લોકાર્પણ કરશે. આ સાથે જ તેઓ, જળસંચય વિભાગ હેઠળ 20 કરોડના પિટ રિચાર્જ, બોર રિચાર્જ, અને કૂવા રિચાર્જના 1000 કામોનું ખાતમુહુર્ત અને 590 કામોનું લોકાર્પણ પણ કરશે. વડાપ્રધાનશ્રી 2800 કરોડથી વધુના નેશનલ હાઈવે ઓથોરિટી ઑફ ઈન્ડિયા (NHAI) ના વિવિધ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. વધુમાં, 1094 કરોડના ખર્ચે રેલવે વિભાગ હેઠળ ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કરશે.

### નરેન્દ્ર મોદી...

રિહર્સલનું કરવામાં આવ્યુ હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના પીએમ પેડ્રો સાંચેઝ દ્વારા ભારતના પ્રથમ સી-295 એરક્રાફ્ટ ફાઈનલ એસેમ્બલી લાઈનનું ઉદ્દઘાટન કરાશે. ઉદ્દઘાટન કાર્યક્રમમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અને વિદેશ મંત્રી એસ જયશંકર પણ હાજર રહેશે. ખોડિયારનગર સ્થિત કાર્યક્રમ પતાવ્યા બાદ બંને વડોપ્રધાન લક્ષ્મીવિલાસ પેલેસ ખાતે જવાના હોય રવિવારના વડોદરા એરપોર્ટથી ખોડિયારનગર ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્ષ અને લક્ષ્મી વિલાસ પેલેસ સુધીના 10 કિમીથી વધુના રૂટ પર પોલીસ દ્વારા ઉચ્ચ પોલીસ અધિકારીઓની હાજરીમાં રિહર્સલ કરવામાં આવ્યું હતું. જેમાં દેશના વડાપ્રધાનના વાહનોના કાફલા, એસપીજી અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ જોડાઇ ગયા હતા. રોડ શો સહિતના રૂટ પર મોટી સંખ્યામાં પોલીસનો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે. કોઇ અનિચ્છનીય બનાવ ના બને માટે ટાટા એડવાન્સ સિસ્ટમ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ઉપરાંત અહીં કેન્દ્રીય સુરક્ષા એજન્સી એસપીજીનો કાફલો દ્વારા બંને વડાપ્રધાનને સુરક્ષા કવચ પુરુ પડાઇ રહ્યું છે. ઉપરાંત લક્ષ્મી વિલાસ પેલેસ બહાર પણ પોલીસ કર્મીઓ ખડેપગે ફરજ બજાવી રહ્યા છે. હાલમાં લક્ષ્મીવિલાસ પેલેસને બંધ કરી દેવાયુ આવ્યું છે અને કોઈપણ વ્યક્તિને પેલેસમાં એન્ટ્રી અપાતી નથી.

### ખોડિયારનગરમાં PMના...

મોદી વડોદરા મહેમાન બનવાના હોય અમારી કંપનીને શહેરના અલગ અલગ વિસ્તારમાં બ્રાન્ડિંગની લગતી કામગીરીની જવાબદારી સોંપી હતી. જેથી અમારી કંપનીના માણસોએ 26 ઓક્ટોબરના રોજ સાંઇદીપનગર સોસાયટીના મેઇન રોડ પર વડાપ્રધાન મોદીના ફોટાવાળુ વ્યુકટર લગાવ્યું હતું. જે વ્યુકટર કોઇ શખ્સે ફાડી નાખ્યું હતું. દસ ફુટની ઉંચાઇ તથા 260 ફુટની પહોળાઇ ધરાવતા વ્યુકટર 50 હજાર રૂપિયા તૈયાર થયું હતું. જે વ્યુકટર જે જગ્યા પર લગાવ્યું હતુ તે જગ્યા પર અમારી કંપનીના માણસોએ વડોપ્રધાનના વ્યુકટરને ફાડતા ત્રણ શખ્સોમે જોયા છે. જેમાંથી એક શખ્સને પોલીસ પેટ્રોલિંગ દરમિયાન નશાની હાલતમાં તથા ચપ્પુ સાથે મળી આવ્યો હતો. તેનું નામ રાજેન્દ્રગીરી ભોલાગીરી ગોસ્વામી (રહે. વુડાન મકાન ખોડિયારનગર)ને છે. જેથી પોલીસે તેને ઝડપી પાડીને પબ્લિપ પ્રોપર્ટીને નુક્સાન કરનાર અજીત વાઘરી તથા બીજા બે શખ્સોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### સ્ટેચ્યુ ઓફ...

રાષ્ટ્રીય એકતા દિવસની પૂર્વ સંધ્યાએ 30 ઓક્ટોબરે દિપોત્સવી પ્રાગટ્ય પર્વ કાર્યક્રમ નર્મદા ઘાટ ઉપર સાંધ્ય આરતી-આતશબાજી, દિપ પ્રાગટ્ય સાથે ઉજવાશે. પ્રધાનમંત્રી PM મોદી સાંધ્ય નર્મદા મહાઆરતીમાં દિપ પ્રાગટ્ય કરીને આરતીનો પ્રારંભ કરાવશે. જેમાં ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ અને રાજ્યના વરિષ્ઠ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહીને આરતીમાં ભક્તિભાવ અને પૂર્ણ શ્રદ્ધા આસ્થા સાથે આ આરતીમાં સામેલ થશે. અને 1.50 લાખથી વધુ દિવડાઓ પ્રગટાવી માં રેવાનો આ પવિત્ર ઘાટ રોશનીથી ઝળહળી ઉઠશે. અને નર્મદા ઘાટને સુશોભિત કરી ફૂલોથી શણગારવામાં આવશે. આ કાર્યક્રમ લઈને હાલમાં વહીવટી તંત્રએ તડામાર તૈયારીઓ આરંભી દીધી છે.

### દિલ્હીની હવાની...

શૂન્ય અને 50ની વચ્ચેનો એક્યુઆઈ 'સારું', 51 અને 100 'સંતોષકારક', 101 અને 200 'મધ્યમ', 201 અને 300 'નબળું', 301 અને 400 'ખૂબ જ નબળું' અને 401 અને 500 'ગંભીર' માનવામાં આવે છે.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) અનુસાર, શહેરમાં પવનની ગતિ 0 કિમી/પ્રતિ કલાકની ઝડપે શાંત હતી. સાનુકૂળ પવનોને કારણે છેલ્લા બે દિવસમાં દિલ્હીની હવાની ગુણવત્તા 'ખૂબ જ નબળી'થી 'નબળી' શ્રેણીમાં સુધરી હતી.

રવિવારે વહેલી સવારે શહેરમાં ધુમ્મસનું એક સ્તર છવાઈ ગયું હતું, જેના કારણે દૃશ્યતા મુશ્કેલ બની ગઈ હતી.

લઘુત્તમ તાપમાન 20.1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સીઝનની સરેરાશ કરતાં એક ડિગ્રી વધુ છે.

આઈએમડીએ સવારે ભેજનું સ્તર 93 ટકા નોંધ્યું હતું.હવામાન વિભાગે સમગ્ર દિવસ દરમિયાન મુખ્યત્વે સ્વચ્છ આકાશ રહેવાની આગાહી કરી છે, જેમાં મહત્તમ તાપમાન 33 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે.

### પ્રતિબંધ છતાં...

તેઓ ફટાકડા ફોડવા માંગે છે, નવ ટકા ઉત્તરદાતાઓએ કહ્યું કે, તેઓ ફટાકડા ફોડશે અને તેઓ જાણે છે કે તે કેવી રીતે અને ક્યાંથી મેળવવા, જ્યારે 8 ટકાએ સ્પષ્ટ જવાબ આપ્યો ન હતો. સર્વેક્ષણમાં 18 ટકા દિલ્હી-એનસીઆર પરિવારો આ દિવાળીમાં ફટાકડા ફોડવાની સંભાવના છે. 10,526 લોકોમાંથી 68 ટકા ઉત્તરદાતાઓ પુરુષો હતા, જ્યારે બાકીના 32 ટકા મહિલાઓ હતી. એમ અધિકારીએ ઉમેર્યું હતું. સર્વેક્ષણ મુજબ, કેટલાક રહેવાસીઓએ ફટાકડા અંગેની સરકારી સલાહો પ્રત્યે ઉદાસીનતા દર્શાવી હતી, જેમ કે, 20 ઓક્ટોબરે કરવા ચોથની ઉજવણી દરમિયાન ફટાકડાના નોંધપાત્ર ઉપયોગ દ્વારા પુરાવા મળે છે.

### મુંબઇના બાંદ્રા...

જણાવ્યું હતું. બાંદ્રા ટર્મિનસના પ્લેટફોર્મ નંબર ૧ પર ૨૨૯૨૧ બાંદ્રા-ગોરખપુર અંત્યોદય એક્સપ્રેસમાં ચડવા માટે લોકોએ ધસારો કરતા આ બનાવ બન્યો હતો એમ એક પાલિકા અધિકારીએ જણાવ્યું હતું. પશ્ચિમ રેલવેએ જણાવ્યું હતું કે જ્યારે આ ટ્રેન મધરાત પછીના પોણા ત્રણ વાગ્યાના સુમારે યાર્ડમાંથી પ્લેટફોર્મમાં ધીમી ગતિએ પ્રવેશી રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. આ સમય દરમિયાન કેટલાક મુસાફરોએ ચાલુ ટ્રેનમાં ચડવાનો પ્રયાસ કર્યો હતો જેમાં બે જણા નીચે પડી ગયા હતા અને ઇજા પામ્યા હતા. ફરજ પરના આરપીએફ, જીઆરપી અને હોમગાર્ડ કર્મચારીઓએ યોગ્ય રીતે કામગીરી કરીને ઇજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડ્યા હતા એમ નિવેદનમાં જણાવાયું હતું. બીજી બાજુ મુંબઇ ડીઝાસ્ટર કન્ટ્રોલ સેલ અને એક મહાપાલિકાના એક અધિકારીએ જણાવ્યું હતું કે નવ મુસાફરોને ઇજા થઇ હતી. આ બનાવનો એક વીડિયો પણ વાઇરલ થયો હતો જેમાં જોઇ શકાય છે કે એક ઇજાગ્રસ્ત માણસ પ્લેટફોર્મ પર પડેલો છે અને લોકો તેના તરફ ધ્યાન આપ્યા વિના ટ્રેનમાં ચડવા ધસારો કરી રહ્યા છે. ઇજાગ્રસ્તોમાંથી બેની હાલત ગંભીર ગણાવાય છે.

### બાંદ્રાની ઘટના...

જણાવ્યું હતું કે, મુંબઇ સેન્ટ્રલ, દાદર, બાંદ્રા ટર્મિનસ, બોરીવલી, વસઇ રોડ, વાપી, વલસાડ, ઉધના અને સુરત સ્ટેશનો પર 8 નવેમ્બર સુધી પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''આગામી દિવાળી અને છઠ પૂજા તહેવારોની સીઝન દરમિયાન અપેક્ષિત ભીડનું સંચાલન કરવા માટે લાદવામાં આવેલ પ્રતિબંધ 8 નવેમ્બર સુધી રહેશે.

### બાંદ્રા ટર્મિનસ...

ચઢવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં નવ ઘાયલ થયા હતા, જેના ઘણા દર્દનાક વીડિયોઝ સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. આ ઘટના સવારે 2:45 વાગ્યાની આસપાસ બની હતી જ્યારે હજ્જારો મુસાફરો બિનઆરક્ષિત 22921 બાંદ્રા-ગોરખપુર અંત્યોદય એક્સપ્રેસમાં ચઢવા માટે દોડ્યા, જે ટ્રેન બાંદ્રા ટર્મિનસ યાર્ડથી પ્લેટફોર્મ નંબર 1 પર આવી રહી હતી.

22 કોચની ટ્રેનનું નિર્ધારિત પ્રસ્થાન સવારે 5:10 વાગ્યે હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આવા તહેવારો દરમિયાન મુસાફરો ઘણી વખત શક્ય તેટલી ઝડપથી સીટો પર કબજો કરવા માટે દોડે છે. કારણ કે ત્યાં કોઈ આરક્ષણ નથી. સવારથી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં લોકો દોડતાં અને બૂમો પાડતાં અને કેટલાક મુસાફરો ઘાયલ અને લોહીથી લથપથ જોવા મળ્યા હતા. એક વીડિયોમાં એક માણસને તેના ઘામાંથી લોહી નીકળતું દેખાય છે, જ્યારે અન્ય ઘાયલ મુસાફર તેની બાજુમાં સૂતેલો હતો. આઘાતજનક રીતે ઘણા લોકો ડબ્બામાં ચડતા જોવા મળ્યા હતા, જ્યારે એક પેસેન્જરને પગમાં ઈજા થતાં દરવાજા પાસે જ બેસી ગયો હતો.

### ઇઝરાયેલમાં મોસાદ...

થાણાની નજીક હોવા ઉપરાંત બસ સ્ટોપ એક સેન્ટ્રલ હાઇવે જંક્શનની નજીક પણ છે. ઈઝરાયેલના મેગેન ડેવિડ એડોમ રેસ્ક્યુ સર્વિસે જણાવ્યું હતું કે, ઘાયલોમાંથી છની હાલત ગંભીર છે.

ઈઝરાયલી પોલીસના પ્રવક્તા એએસઆઈ અહારોનીએ પત્રકારોને જણાવ્યું હતું કે, હુમલાખોરને ખતમ કરવામાં આવ્યો હતો. જોકે, તેમણે એ કહ્યું ન હતું કે, હુમલાખોર મૃત્યુ પામ્યો છે કે નહીં. હમાસ અને નાના ઈસ્લામિક જેહાદ આતંકવાદી જૂથે શંકાસ્પદ હુમલાની પ્રશંસા કરી હતી, પરંતુ તેનો દાવો કર્યો ન હતો.

### વધુ ૫૦ ફ્લાઇટોને...

તેમજ કોઝિકોડથી દમામની ફ્લાઈટને મુંબઇ ડાઈવર્ટ કરવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.દરમિયાન, નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ આજે જણાવ્યું હતું કે જેઓ વિમાનોને બોમ્બની બનાવટી ધમકીઓ આપી રહ્યા છે તેમને વિમાનમાં મુસાફરી કરવા પર પ્રતિબંધ મૂકવા માટેના પગલાઓ સરકાર વિચારી રહી છે. વિશાખાપટનમ અને વિજયવાડા વચ્ચે બે ફ્લાઈટોનું ઉદઘાટન કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું હતું કે આવી બનાવટી ધમકીઓ અટકાવવા માટે આંતરરાષ્ટ્રીય એજન્સીઓ, લો એન્ફોર્સમેન્ટ વિંગ્સ અને ઈન્ટેલિજન્સ બ્યુરોની મદદ લેવા ઉપરાંત કેન્દ્ર સરકાર નાગરિક ઉડ્ડયન કાયદામાં સુધારો કરવા વિચારણા કરી રહી છે. જેઓ આવી પ્રવૃતિઓ કરે છે તેમને સખત સજા કરવામાં આવશે અને તેમના પર દંડ લાદવામાં આવશે. અમે આવી વ્યક્તિઓને હવાઇ મુસાફરી કરતા અટકાવવા પગલા લઈ રહ્યા છે. અમે આની આગામી દિવસોમાં જાહેરાત કરીશું એમ તેમણે જણાવ્યું હતું. નાયડુએ એમ પણ જણાવ્યું હતું કે આ બનાવટી ધમકીઓ અંગે ગંભીરતાથી તપાસ ચાલી રહી છે અને સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સનો પણ સહકાર માગવામાં આવી રહ્યો છે.

### લખનૌમાં દસ...

પણ પ્રયાસ તેમનો વિસ્ફોટ નોંતરશે એ મુજબ ધમકીના ઇમેઇલમાં જણાવાયું હતુ જેની એક કોપી પીટીઆઇ પાસે છે.

એક હોટલના મેનેજર બ્રજેષ કુમારે, પીટીઆઇ વીડિયોઝને જણાવ્યું હતું કે અમને સવારે ધમકીનો મેઇલ મળ્યો હતો. પૂર્વ સાવચેતીના પગલા તરીકે અમે આ બાબતની જાણ સ્થાનિક પોલીસ સ્ટેશનને કરી હતી અને એક પોલીસ ટીમ તપાસ કરવા માટે આવી છે. તમામ મહેમાનો અને તેમના સામાનનું સ્કેનિંગ કરવાની સિસ્ટમ અમારી પાસે છે જ, આમ છતાં પૂર્વસાવચેતી તરીકે અમે પોલીસને હોટલ સ્કેન કરવા માટે મદદ કરી રહ્યા છીએ એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. જો કે ઘણા પ્રયાસો છતાં આ બાબતે વરિષ્ઠ પોલીસ અધિકારીઓનો સંપર્ક ટિપ્પણી માટે થઇ શક્યો ન હતો. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા દિવસથી ભારતીય એરલાઇનોની ફ્લાઇટોને બોમ્બની ધમકીઓ મળી રહી છે, છેલ્લા ૧૪ દિવસમાં ૩૫૦ જેટલી આવી ધમકીઓ મળી છે. જ્યારે કે તાજેતરના મહિનાઓમાં દિલ્હી-એનસીઆરની શાળાઓ, મોલ્સ અને અન્ય સ્થળોને પણ બોમ્બની ધમકીઓ મળી છે, જે તમામ પોકળ સાબિત થઇ છે.